RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-12
December -2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# ગુજરાતના કેળવણીકારોનું મૂલ્યચિંતન

પંકજ જે. વાઘેલા

*શિક્ષણ સહાયક, સરદાર પટેલ વિદ્યાલય, બામણગામ-ગંભીરા, આણંદ, ગુજરાત (ભારત)*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 10 December 2018

**Keywords**
શૈક્ષણિક પરિસ્થિતિ, શિક્ષણ વિભૂતિઓ, અનુભવકથા.

***Corresponding Author**
*Email: pjvaghela1986[at]gmail.com*

**ABSTRACT**

કોઈપણ સમાજ, દેશ અને કાળમાં કોઈક માણસ યા કેટલાક માણસો જો કેળવણી વિશે વિચારે, વિચારીને કેળવણી વિશે બોલે કે લખે તો તેના દ્વારા સમય, સમાજ અને દેશની શૈક્ષણિક પરિસ્થિતિનું વાસ્તવલક્ષી ચિત્ર તાદશ થાય છે. ગુજરાતના શિક્ષણને ચણનાર અને ઘડનાર આવી શિક્ષણ વિભૂતિઓએ પોતાની અનુભવજન્ય શિક્ષણયાત્રાને અનુભવકથાઓ રૂપે આલેખિત કરી છે. જે શિક્ષણના સતયુગમાં ડોકિયું કરાવીને શિક્ષણયાત્રાના સાથીઓને સત્-અસત્‌ના કાર્યોથી અવગત કરે છે.

**પ્રસ્તાવના :**

મૂલ્યનું શિક્ષણ આપણી નેમ છે. આપણી ભાવનાઓ, માન્યતાઓ, આપણા આદર્શો, સંસ્કાર અને આપણી સંસ્કૃતિ સહુ મૂલ્યો સાથે વણાયેલ અને સંકળાયેલ છે. અત્યારના પરીક્ષાકેન્દ્રી શિક્ષણમાંથી માનવમૂલ્યો અને જીવનનાં મૂલ્યો જાણે વિસરાતાં જાય છે. આ સ્થિતિ-સંજોગોમાં શૈક્ષણિક મૂલ્યો વિશે વિચાર-ચિંતન આવશ્યક બની રહે છે. શૈક્ષણિક મૂલ્યોમાં પુરસ્કાર, સ્વમાન, સંસ્કાર, સહજતા, અભિમુખતા, વિશ્વાસ, આત્મનિર્ભરતા, સંવેદન જેવા મૂલ્યો શિક્ષક તેમજ વિદ્યાર્થીઘડતર માટે પોષકરૂપ છે. શૈક્ષણિક મૂલ્યો વ્યકિતના જીવનઘડતર માટે ખૂબ જરૂરી છે. વૈયકિતક મૂલ્યો વ્યકિતમાં ઉત્તરદાયિત્વ, આંતરનિયમન, સત્ય, શ્રદ્ધા-પ્રેમ વિકસાવે છે. જીવનના ખ્યાલો તેમજ ગતિવિધિઓને સમજવા માટે વ્યકિતમાં જીવનલક્ષી મૂલ્યોનો વિકાસ-સમજણ કેળવાયેલી હોવી અનિવાર્ય છે. કારણ કે, જીવનલક્ષી મૂલ્યો વ્યકિતઓ વચ્ચેના આંતરસંબંધોને મજબૂત બનાવે છે, સમભાવ જગવે છે. જીવનલક્ષી મૂલ્યોની ખિલવણીથી વ્યકિતમાં જીવનની અખંડિતતાના ભાવો જાગૃત થાય છે.

શિક્ષણ દ્વારા વ્યકિતને સામાજિક બનાવવો પણ એટલો જ જરૂરી છે. સમાજના ઉત્કર્ષ માટે વ્યકિતમાં સમાજચેતના વિકસાવી ખૂબ જ જરૂરી છે. આવા શિક્ષણસાધકો (ગુજરાતના કેળવણીકારો)ની અનુભવકથાઓમાંથી તારવેલા મૂલ્યવિષયક (શૈક્ષણિક, વૈયકિતક, જીવનલક્ષી તેમજ સામાજિક મૂલ્યો)વિચારોનું વિશ્લેષણ અને અર્થઘટન રજૂ કરવામાં આવ્યું છે

**સંશોધનના હેતુઓ :**

૧. ગુજરાતના કેળવણીકારોની અનુભવકથાઓમાંથી નીપજતા મૂલ્યલક્ષી વિચારો (શૈક્ષણિક, વૈયકિતક, જીવનલક્ષી તેમજ સામાજિક મૂલ્યોના સંદર્ભે)અભ્યાસ કરવો.

૨. ગુજરાતના કેળવણીકારોની અનુભવકથાઓમાંના મૂલ્યલક્ષી વિચારો પરથી શૈક્ષણિક ફલિતાર્થો તારવવા.

**સંશોધનના પ્રશ્નો :**

૧. ગુજરાતના કેળવણીકારાએ પોતાની અનુભવકથાઓમાં કેવા પ્રકારના મૂલ્યલક્ષી (શૈક્ષણિક, વૈયકિતક, જીવનલક્ષી તેમજ સામાજિક મૂલ્યોના સંદર્ભે) વિચારોને પ્રાધાન્ય આપ્યું છે?

૨. ગુજરાતના કેળવણીકારો મૂલ્યચિંતન દ્વારા શિક્ષણમાં કયા નવપ્રસ્થાનો સૂચવાશે?

**સંશોધનની મર્યાદાઓ :**

ગુજરાતના કેળવણીકારોના માતબર સાહિત્યમાંથી માત્ર 'અનુભવકથા'ઓમાં (કેળવણીવિષયક અનુભવો) મૂલ્યવિષયક (શૈક્ષણિક, વૈયકિતક, જીવનલક્ષી તેમજ સામાજિક મૂલ્યો) સામગ્રીની પસંદગી કરી, તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**સંશોધનનું ક્ષેત્ર :**

સંશોધકે 'શિક્ષણનું તત્ત્વજ્ઞાન' (શિક્ષણ-મીમાંસા) એ સંશોધનક્ષેત્ર તરીકે પસંદ કર્યું છે.

**સંશોધનનો પ્રકાર :**

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક પ્રકારનો છે.

RRIJM 2015, All Rights Reserved

**સંશોધનનો નિદર્શ :**

ગુજરાતના કેળવણીકારોની ૦૩ (ત્રણ) અનુભવકથાઓ (૧) અનુભવની એરણ પર (મનસુખ સલ્લા) (૨) સદ્‌ભિઃ સંગઃ (મનુભાઈ પંચોળી) (૩) ઘડતર અને ચણતર (નાનાભાઈ ભટ્ટ) ને નિદર્શ તરીકે સંશોધકે લીધેલ છે. તેમાંથી માત્ર મૂલ્યવિષયક વિચારોને જ પસંદ કર્યા છે.

**સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે 'ગુણાત્મક વિષયવસ્તુ વિશ્લેષણ' પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

**માહિતી એકત્રીકરણ અને માહિતી વિશ્લેષણ :**

સંશોધકને ગુજરાતના કેળવણીકારોની અનુભવકથાઓનું પ્રથમ વાચનથી કેટલીક ખ્યાલાત્મક સમજ, સંભવિત વિચાર વિભાગો અને વિચાર એકમોની સંખ્યાત્મક ઉપલબ્ધિનો ખ્યાલ આવ્યો. માહિતી એકત્રીકરણ માટે નમૂનારૂપ કાર્ડ (નોંધપત્રક) બનાવીને વૈચારિક વિભાગોમાં નોંધ કરવાનું વિચાર્યું.


૦૪ વિચાર વિભાગોમાં વિભાજિત ૧૯ વિચાર એકમની વહેંચણી અને પ્રમાણ દર્શાવતો આલેખ- ક અને પાઈચાર્ટ-ક અહીં પ્રસ્તુત છે.

**આલેખ : ક**

**વિચાર વિભાગો અનુસાર વિચાર એકમોની વહેંચણી**


X અક્ષ : પુસ્તકનાં નામ

Yઅક્ષ :૧ સે.મી.=૧ વિચાર એકમ




**પાઈચાર્ટ- ક**

**ગુજરાતના કેળવણીકારોના મૂલ્યચિંતનની ટકાવારી**



**ગુજરાતના કેળવણીકારોની અનુવકથાઓમાં નિર્દેશિત વિશ્લેષણ અને અર્થઘટન :**

ગુજરાતના કેળવણીકારોની અનુભવકથાઓમાં શૈક્ષણિક મૂલ્યો, વૈયકિતક મૂલ્યો, જીવનલક્ષી મૂલ્યો તેમજ સામાજિક મૂલ્યોના પરિપ્રેક્ષ્યમાં વિધાનોને વિચાર એકમ તરીકે સ્થાન આપી, તેમાંથી તારવેલ ચાવીરૂપ શબ્દો રજૂ કરાયા છે.

**સારણી-૧**
**શૈક્ષણિક મૂલ્યો**

| ક્રમ | વિચાર એકમો | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|
| ૧ | અધ્યાપન પદ્ધતિમાં પ્રેરકબળ તરીકે મૂલ્યો હોય તો શિક્ષક વર્ગખંડમાં કે બહાર વાજબી પદ્ધતિ યોજી શકે છે. (અ.એ.પ.૨૪૦) | પદ્ધતિનું પ્રેરકબળ મૂલ્યો |
| ૨ | સંસ્કારિકતાપૂર્ણ ઉત્સવ ઊજવવાની તાલીમ આપવી તે આપણું (શિક્ષકોનું) કામ છે. (અ.એ.પ.૧૭૩) | સંસ્કારિકતાપૂર્ણ ઉત્સવની તાલીમ |
| ૩ | શબ્દાધારિત શિક્ષણને બદલે જીવનાધારિત શિક્ષણવ્યવસ્થા ગોઠવવી જોઈએ. (અ.એ.પ.૨૪૨) | જીવનાધારિત શિક્ષણવ્યવસ્થા |
| ૪ | બધા સંસ્કારો વિદ્યાર્થીની અભિમુખતા કેળવીને આપવા જોઈએ. (સ.સં.૧૪૦) | સંસ્કારો, વિદ્યાર્થીની અભિમુખતા |
| ૫ | પરસ્પરનો વિશ્વાસ અને પરસ્પરના વિશ્વાસનું પાલન એ આપણી (શિક્ષક) સંસ્થાઓની સંસ્કૃતિની મોટી મૂડી છે. (સ.સં.૩૨૩) | વિશ્વાસનું પાલન, સંસ્કૃતિની મોટી મૂડી |
| ૬ | સ્વાવલંબન નઈ તાલીમની તેજાબી કસોટી છે. (સ.સં.૩૫) | સ્વાવલંબન |

સારણી-૧ માં ચાવીરૂપ શબ્દોની ક્રમશઃ ગોઠવણી અને અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે, ગુજરાતના કેળવણીકારોએ મૂલ્યોનો પુરસ્કાર અને અમલ, પદ્ધતિનું પ્રેરકબળ, સંસ્કારિતાપૂર્ણ ઉત્સવની તાલીમ, અભિમુખતા, સ્વવિકાસ, વિશ્વાસ, સ્વાવલંબન જેવા શૈક્ષણિક મૂલ્યો વિચાર એકમોના મુખ્ય શબ્દજૂથો છે.

માનવસંસ્કૃતિના વિકાસમાં મૂલ્ય એ તેના પોત તરીકે વણાયેલ છે. મૂલ્યો જીવનશકિત, જીવનબળ અને પ્રેરણા પૂરી પાડે છે. શિક્ષકની વર્ગખંડમાં કે બહાર વાજબી અધ્યાપન પદ્ધતિ પાછળ મનસુખ સલ્લા 'પ્રેરકબળ મૂલ્યો'ને ગણાવે છે. જે વિદ્યાર્થીઓના માનસમાં અધ્યયનશીલ વાતાવરણ ઊભું કરે છે. જીવંતતા અને મુકતપણાનો અનુભવ કરાવે છે.

મનસુખ સલ્લા 'શબ્દાધારિત શિક્ષણ'ને બદલે 'જીવનાધારિત શિક્ષણ' વ્યવસ્થા પર ભાર મૂકે છે. જીવનલક્ષી શિક્ષણથી વિદ્યાર્થીનું જીવન અર્થસભર બને છે. અને વિદ્યાર્થીઓ પોતાના જીવનકૌશલોનો વ્યવહારમાં સફળતાપૂર્વક ઉપયોગ કરી શકે છે. જીવનશિક્ષણ વિદ્યાર્થીઓને સંસ્કારિતાપૂર્ણ તાલીમ પૂરી પાડે છે. જે વ્યકિત, સમાજ, વાતાવરણ સાથે સમાયોજન સાધવાનું શીખવે છે. વિદ્યાર્થીઓને શુભ સંસ્કારોમય શિક્ષણ આપવાથી તેનામાં માનવતા, વિશાળ માનસિકતા, સેવાભાવ, નિર્ભયતા, પ્રમાણિકતા, નિષ્ઠા, આદર-સન્માનના ભાવો જન્મે છે. તેના આંતરમનમાં સૌંદર્યશીલતા પ્રગટે છે. સંસ્કારપૂર્ણ તાલીમ યોજવાથી વ્યકિત કે વિદ્યાર્થી સંસ્કારો પ્રતિ અભિમુખ બને છે. અને વ્યકિત, જૂથ, સમાજ, પ્રકૃતિ ઈત્યાદિ માનવજાત તેમજ પરંપરાઓનું હસ્તાંતરણ કરવાના કૌશલો વિકસે છે.

દર્શક સંસ્થાઓની સંસ્કૃતિની મોટી મૂડી તરીકે 'પરસ્પરના વિશ્વાસનું પાલન'ને ગણાવે છે. સંસ્થાઓમાં પરસ્પરના વિશ્વાસનું પાલન ખૂબ અનિવાર્ય બને છે. પ્રેમ અને વિશ્વાસથી બંધાયેલા સંબંધો એ જે તે કાર્ય પૂરતા સ્થગિત ન રહેતા જીવનભરના બની રહે છે. પી.કે. ત્રિવેદી નોંધે છે કે, ''શિક્ષક-શિષ્યનો સંબંધ ત્યારે જ શરૂ થાય છે. જયારે બાળકનું નામ શિક્ષકના હૃદયરૂપી રજિસ્ટરમાં નોંધાય છે.'' (પટેલ, બબાભાઈ. (સંકલન). ૧૯૮૮/૧૯૯૮ શિક્ષક ઉપનિષદ (વિચાર સંચય). પૃ.૧૧૦)

શિક્ષણમાં સ્વાવલંબનનું સ્થાન અનેરું છે. સ્વાવલંબી કેળવણી વ્યકિતને ખમીરવંત બનાવે છે. તેનાથી વ્યકિત પોતાના પગ ઉપર ઊભો રહી શકે છે. આ માટે ગાંધીજીએ સ્વાવલંબી કેળવણીમાં આર્થિક સ્વાવલંબન, સામાજિક સ્વાવલંબન તેમજ માનસિક સ્વાવલંબન પર ભાર મૂકયો છે. કેળવણી દ્વારા આ ત્રણેય સ્વાવલંબન સિદ્ધિઓ ઘણો પરિશ્રમ માંગી લે તેમ છે. આથી દર્શક સ્વાવલંબનને 'તેજાબી કસોટી' તરીકે ઓળખાવે છે. શાસ્ત્રી જયેન્દ્ર દવે સ્વાવલંબનનો અર્થ સ્પષ્ટ કરતા નોંધે છે કે, ''સ્વાવલંબન એટલે કે, આર્થિક, સામાજિક કે સાંસ્કૃતિક કોઈપણ પ્રકારના પરાવલંબનમાંથી છૂટકારો. વ્યકિતનું આત્મનિર્ભર હોવું કેળવણીને અંતે વ્યકિતને ત્રણ રીતનું સ્વાવલંબન પ્રાપ્ત થવું જોઈએ.'' (દવે,

RRIJM 2015, All Rights Reserved 

શાસ્ત્રી જયેન્દ્ર. ૧૯૮૬/૨૦૧૩. ભારતીય ચિંતકોનું શિક્ષણચિંતન. પૃ.૧૭૬)

**સારણી-૨**
**વૈયક્તિક મૂલ્યો**

| ક્રમ | વિચાર એકમો | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|
| ૧ | માણસાઇના મૂલ્યો એ જ સાચાં મૂલ્યો છે. (ઘ.અ.ચ.૧૭૩) | માણસાઇના મૂલ્યો |
| ૨ | મનુષ્યએ મૂલ્ય જાળવવા દઢ રહેવું પડે છે. (અ.એ.પ.૬૬) | મૂલ્ય જાળવણી |
| ૩ | યોગ્ય મોકે સાચી વાત કહેવાની વ્યકિતમાં નૈતિક હિંમત હોવી જોઇએ. (અ.એ.પ.૬૬) | નૈતિક હિંમત |
| ૪ | વ્યકિતના સમજણવિકાસમાં આત્મનિરીક્ષણ મહત્ત્વનું છે. (અ.એ.પ.૧૮૩) | સમજણ, આત્મનિરીક્ષણ |
| ૫ | આત્મનિરીક્ષણમાંથી ઉત્તરદાયિત્વનો ભાવ જન્મે છે. (અ.એ.પ.૧૯૦) | આત્મનિરીક્ષણ, ઉત્તરદાયિત્વનો ભાવ |
| ૬ | આત્મવિકાસના કાર્યક્રમો અભિમુખતા કેળવીને કરી શકાય છે. (સ.સં.૧૪૧) | અભિમુખતા દ્વારા આત્મવિકાસ |

ઉપરોકત સારણીમાં ગુજરાતના કેળવણીકારાના વૈયકિતક મૂલ્યો સંબંધિત વિચાર એકમોમાં માણસાઇના મૂલ્યો, મૂલ્ય જાળવણી, નૈતિક હિંમત, આત્મનિરીક્ષણ, ઉત્તરદાયિત્વ, અભિમુખતા, આંતરનિયમન, વિવેક, સંસ્કાર, સત્ય, શ્રદ્ધા-પ્રેમ તેમજ વિશ્વાસ એ મહત્ત્વના ઘટકો છે. ગુજરાતના કેળવણીકારો દ્વારા સૂચિત વૈયકિતક મૂલ્યલક્ષી વિચારો જાણે કે, 'મનુષ્યત્વ'ની ખીલવણી તરફ નિર્દેશ કરતા લાગે છે.

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ આત્મસાક્ષાત્કાર, વૃદ્ધિ-વિકાસ, મનુષ્યની આંતરિક શકિતઓની પરિપૂર્ણતા અને તે માટે (શાશ્વત) જીવનનો સાક્ષાત્કાર છે. મૂલ્યોનું જીવનમાં અસ્તિત્વ છે. એ સ્વયંસિદ્ધ બાબત છે. નાનાભાઇ ભટ્ટ 'માણસાઇના મૂલ્યો'ને સાચા મૂલ્યો તરીકે ઓળખાવે છે. મૂલ્યશિક્ષણ એ હૃદયના ભાવાત્મક વિકાસથી વ્યકિતના સ્વકલ્યાણ સાથે સમાજકલ્યાણની ક્ષમતા વિકસાવે છે. મૂલ્યશિક્ષણના માનવીય મૂલ્યો વ્યકિતમાં આંતરશિસ્ત, સાધના, સમભાવ, સાદાઇ, સ્વતંત્રતા, શ્રમભાવ, સૌંદર્યદષ્ટિ અને કલાપ્રેમ જન્માવે છે.

મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટેની દઢતા હોવી જરૂરી છે. મૂલ્યોને દઢપણે વળગી રહેનાર વ્યકિત અસત્યને છૂપાવીને બધાને રાજી રાખવાના પ્રયત્નો કરતો નથી. યોગ્ય પરિસ્થિતિની તક મળતા

જ સાચી હકીકત કહી દે છે. વિરોધ વહોરવો પડે તો પણ અચકાતો નથી. વિચાર અભિવ્યકિતની નૈતિક હિંમત ધરાવનાર વ્યકિત કટોકટીને પ્રસંગે પણ આંતરઅવલોકન અને સમતાભર્યા વ્યવહારથી

યોગ્ય માર્ગ કાઢે છે. ટોલસ્ટોય નોંધે છે કે, ''કચરા ઉપર જાજમ પાથરવી એ ભ્રમણા છે. જાજમ પાથરવાથી કચરો ઢંકાય જાય, દૂર ન થાય.''(સલ્લા,મનસુખ.૨૦૦૮/૨૦૧૧ અનુભવની એરણ પર, પૃ.૬૬) ટોલસ્ટોયના 'નૈતિકતા' સંબંધી વિચારો સાથે મનસુખ સલ્લા સંપૂર્ણ સહમત જણાતા લાગે છે. આ સંદર્ભે મહર્ષિ અરવિંદે પણ ''નૈતિક શિક્ષણને રાષ્ટ્રીય કેળવણીનું એક મહત્ત્વનું અંગ લેખ્યું છે.''(દેશમુખ, સીતારામ. ઓકટોબર-૨૦૦૫. મૂલ્ય-શિક્ષણનું એક માધ્યમ ગાંધીજીનું બુનિયાદી શિક્ષણ. પ્રગતિશીલ શિક્ષણ. ૫(૧૦). પૃ.૨૭)

આત્મનિરીક્ષણ એ શિક્ષણનું અનિવાર્ય ઘટક છે, જે વ્યક્તિને જાતતપાસ અંગેની તક આપે છે. આત્મનિરીક્ષણ એટલે પોતાની જાત (આત્મા) સાથે વાત કરવી. આત્મનિરીક્ષણ વ્યક્તિને દરેક પરિસ્થિતિમાં સમાયોજન સાધવામાં અને આંતરક્રિયામાં ખૂબ ઉપકારક નીવડે છે. મનસુખ સલ્લાએ વ્યક્તિના સમજણવિકાસ માટે 'આત્મનિરીક્ષણ' ને અગત્યનું ગણાવ્યું છે. આત્મનિરીક્ષણ ધરાવતી વ્યક્તિમાં પ્રતિબદ્ધતા, ઉત્તરદાયિત્વના ભાવો જન્મે છે. અને વ્યક્તિમાં કર્મોના પરિણામોની અસર પોતાના પર તો થાય છે. તદુપરાંત સમાજ અને પ્રકૃતિ ઉપર થાય એવી સમજણ વિકસે છે.

**સારણી-૩**

**જીવનલક્ષી મૂલ્યો**

| ક્રમ | વિચાર એકમો | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|
| ૧ | બીજાની કાળજી લેવી એ શિક્ષણનો જ નહિ, જીવનનો કાયદો છે. (અ.એ.પ.૧૧૯) | જીવનના કાયદામાં સમભાવ |
| ૨ | જીવનનું મંડાણ જ સહયોગ અને પરસ્પરાવલંબન ઉપર થયેલું છે. (અ.એ.પ.૧૨૨) | સહયોગ અને પરસ્પરાવલંબન |
| ૩ | જીવનમાં ધર્મસંસ્કારોનો પ્રવાહ બંધ થાય ત્યારે વહેમો, માન્યતાઓ, ચમત્કારો વગેરે ઊગી નીકળે છે. (ઘ.અ.ચ.૧૮) | ધર્મ સંસ્કારોનો પ્રવાહ |
| ૪ | આપણે જીવનને સમગ્રતાથી જોતા નથી, ટુકડા કરીને જોઇએ છીએ. (અ.એ.પ.૧૨૨) | જીવનને સમગ્રતાથી જોવું |

સારણી-૩ માં ચાવીરૂપ શબ્દોની ક્રમશઃ ગોઠવણી અને અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે, ગુજરાતના કેળવણીકારાએ જીવનમાં સમભાવ, સહયોગ અને પરસ્પરાવલંબન, ધર્મના સંસ્કારો, જીવનનું સમગ્રપણું જેવા જીવનલક્ષી શબ્દઘટકો આલેખ્યાં છે. શિક્ષણનો હેતુ વ્યકિતને પૂર્ણ માનવ બનાવવાનો છે. શિક્ષણ દ્વારા વ્યકિતના હૃદયના ભાવો કેળવાય છે. સહાનુભૂતિ તેમજ સમાનુભૂતિ વિકસે છે. શિક્ષણ માત્ર સૈદ્ધાંતિક પાસાંઓને જ નહિ, પણ વ્યવહારિક પાસાંઓને પણ એટલો જ મૂલ્યવાન ગણે છે. શિક્ષણ દ્વારા વ્યકિતમાં જીવનકૌશલો કેળવાય છે. અને તે માત્ર આત્મલક્ષી કે સ્વકેન્દ્રી ન રહેતા પરકેન્દ્રી બને છે. મનસુખ સલ્લા અન્ય પ્રત્યે સંવેદનશીલતા દાખવવી, કાળજી લેવી એ શિક્ષણનો જ નહિ, પણ 'જીવનનો કાયદો' માને છે. કારણ કે, જીવનનો આધાર માનવીઓના એકબીજાના સહકાર અને પરસ્પરાવલંબન પર રહેલો છે. તેનાથી વ્યકિત જીવનને અર્થપૂર્ણ બનાવી શકે છે. જીવન સમગ્ર છે, એના ટુકડા ન કરાય, એને આખેઆખું લેવાય ત્યારે જ જીવનને પામી શકાય છે. જીવનની કળા શબ્દો વાટે શીખવી શકાતી નથી પણ એ તો જાતે જીવીને જ બીજાને શીખવી શકાય છે. 'જીવનને તેની સમગ્રતામાં જીવો' ત્યારે જ જીવનની સંપૂર્ણતાને પામી શકાય છે. મનસુખ સલ્લા જીવનને 'ટુકડા' કરવાને 'સમગ્રતા'થી જોવાનું સૂચવે છે. જહોન ડયૂઇએ કહ્યું છે કે; ''શિક્ષણ જીવન સાથે એકમેક છે. જીવનવૃદ્ધિ છે અને તેથી શિક્ષણ પણ વિકસે છે.'' (પંચાલ, મોહન અને કસ્વેકર, આરતી. ૨૦૧૦. શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ, પૃ. ૪૧)

સમાજના લોકોને ખુલ્લા મનવાળા કેળવવા હોય તો શિક્ષણે જીવનમાં ધર્મસંસ્કારોનો પ્રવાહ ચાલુ રહેવા દેવાનો છે. જયારે જીવનમાં ધર્મસંસ્કારોનો પ્રવાહ બંધ થાય છે ત્યારે વહેમો, અંધશ્રદ્ધા, ચમત્કારો જન્મ લે છે. જે ધાર્મિક જીવનમાં એક જાતના સડાની નિશાની છે. સાચી ધાર્મિકતા એ ઘણી જુદી વસ્તુ છે, ઘણી ઉચ્ચ વસ્તુ છે. સાચી ધાર્મિકતાને ચમત્કારો સાથે કોઇ લેવાદેવા હોતી નથી. કાકા કાલેલકર નોંધે છે કે; ''ધાર્મિક કેળવણીનો ખરો ઉદ્દેશ તો હૃદયમાં ધાર્મિકતાનો ઉદય કરવાનો જ છે. ઐતિહાસિક પદ્ધતિથી કે તાર્કિક પદ્ધતિથી એ કામ થવાનું નથી. એ રીતે આપણે ધર્મને પેદા કરીશું. ધર્મપરાયણ લોક એમાંથી પાકશે જ એમ ન કહી શકાય. 'ચિરાગ સે ચિરાગ જલતા હૈ' એ નિયમ પ્રમાણે આપનાર પાસે સાચી ધાર્મિકતાની જયોત હોય તો જ એ બીજાને આપી શકે. એ તો એક અદ્ભુત કીમિયો છે.'' (પટેલ, બબાભાઇ (સંકલન). ૧૯૮૮/૧૯૯૮. શિક્ષક ઉપનિષદ (વિચાર સંચય). પૃ.૧૫ )

**સારણી-૪**

**સામાજિક મૂલ્યો**

| ક્રમ | વિચાર એકમો | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|
| ૧ | વિસ્તરણકાર્યમાં ગામડાંનો અભ્યાસ વિદ્યાર્થીઓને ગ્રામસમાજ માટે સમભાવ જગાડે છે. (અ.એ.પ.,૧૨૦) | વિસ્તરણ કાર્ય, ગ્રામસમાજ પ્રત્યે સમભાવ |
| ૨ | કોઇને પૂરો સામાજિક શ્રમ કર્યા સિવાય રોટલો મેળવવાનો વાજબી અધિકાર નથી. (સ.સં.,૧૩૯) | સામાજિક શ્રમ દ્વારા જીવનનિર્વાહ |
| ૩ | લોકશાહી સામાજિક સત્ય અને સામાજિક ઈષ્ટનું સામૂહિક શોધન છે. (સ.સં.,૧૬૧) | લોકશાહી, સામાજિક સત્ય, સામાજિક દૃષ્ટિ |

ઉપરોકત સારણીના ચાવીરૂપ શબ્દોની ક્રમશઃ ગોઠવણી અને અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે, ગુજરાતના કેળવણીકારોએ ગ્રામસમાજ પ્રત્યે સમભાવ, સામાજિક શ્રમ, લોકશાહી તેમજ સત્યને મુખ્ય ઘટકો તરીકે રજૂ કર્યા છે.

શિક્ષણ અને સમાજ બાહ્ય દષ્ટિએ જોજનો દૂર હોય તેવા લાગે છે, પણ આંતરિક દષ્ટિએ જોતાં શિક્ષણ અને સમાજ અન્યોન્ય સંકલિત જ નહિ, પરસ્પરાવલંબી છે. તેથી તો જહોન ડયૂઈ એ કહ્યું છે; ''શાળા એક સામાજિક સંસ્થા છે અને શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા છે.'' (ઠાકર, મનહર અને મૈયાણી, જીવરાજભાઈ. ૨૦૦૦. શિક્ષણી સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, પૃ.૨૪)મનસખુ સલ્લાના મતે ગ્રામોદ્ધારલક્ષી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં 'સમભાવ' પેદા કરે છે. ગામડાંના વિસ્તરણ કાર્યમાં વિદ્યાર્થીઓને જોડાવાથી સામાજિક ચેતના જાગે છે. સમાજશિક્ષણ મેળવેલ વિદ્યાર્થી સમાજપરિવર્તન માટેના પ્રયત્નો કરે છે દર્શક વ્યકિતના વ્યકિતત્વ વિકાસ માટે 'સામાજિક શ્રમ'ને પ્રમુખ પરિબળ ગણાવે છે; વ્યકિતના જીવનનિર્વાહ માટે સામાજિક શ્રમ અભિન્ન અંગ છે. શ્રમ તે શોભા છે. શ્રમ ન કરવો તે શરમ છે. પ્રજાજીવનમાં સામાજિક શ્રમના સંસ્કાર ખૂબ જરૂરી છે. સામૂહિક સફાઇ, સામૂહિક કતાઇ, સામૂહિક કાપણી-વાવણી જેવા કાર્યક્રમોથી સામાજિક શ્રમનું કૌશલ વિકસાવી શકાય છે.

વિચાર એકમ-૩ સ્પષ્ટ કરે છે કે, લોકશાહી 'સામાજિક સત્ય અને ઈષ્ટ' નું સામૂહિક શોધન છે. શિક્ષણ એ વ્યકિતમાં લોકશાહી મૂલ્યો પ્રસ્થાપિત કરવાનું અમૂલ્ય કાર્ય કરે છે. જેનાથી વ્યકિતમાં બંધુત્વ, સમાનતા, સ્વતંત્રતા તેમજ ન્યાયપરાયણતા જેવા પાયાના મૂલ્યો વિકસે છે. શિક્ષણના લોકશાહી વાતાવરણમાં કેળવાયેલ વ્યકિત કોઈપણ પ્રશ્નોના ઉકેલો માટે પ્રજાના સૂચનોને પહેલી અગ્રિમતા આપી અમલ કરે છે. આમ, શિક્ષણ એ સામાજિક સત્ય અને સામાજિક ઈષ્ટની ભાવના જગવે છે.

**સંશોધનના તારણો :**

૧. મનસુખ સલ્લાના મતે માનવીમાં પ્રેમ, આદર, સન્માન, શુભ-અશુભ, સંવેદના, ઉત્તરદાયિત્વ, નૈતિકતા, સ્વતંત્રતા જેવા ભાવો જન્માવે છે.
૨. નાનાભાઈ ભટ્ટ કેળવણીના મુખ્ય ધ્યેય તરીકે ચારિત્ર્યઘડતરને ગણે છે.
૩. મનસુખ સલ્લાના મતાનુસાર મૂલ્યશિક્ષણ વ્યકિતમાં આત્મિક જાગૃતિ પેદા કરે છે.
૪. દર્શકના મતે મૂલ્યશિક્ષણ વ્યકિતમાં સમાજચેતના વિકસાવી વ્યકિતને સામાજિક બનાવે છે.
૫. નાનાભાઈએ મનુષ્યઘડતરમાં માનવીય મૂલ્યોને શ્રેષ્ઠ ગણાવ્યાં છે. જે વ્યકિતમાં પરસ્પર વિશ્વાસ અને પ્રેમ ઊભો કરે છે.
૬. દર્શકના મતે વ્યકિતનું આંતરનિયમન સમાજ પરિવર્તનને બળ આપે છે.
૭. દર્શકે સમાજ ઉત્કર્ષ માટે અસાધારણ માણસોને અગત્યના ગણાવ્યાં છે.

**શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેની ભલામણો :**

૧. શિક્ષકે હંમેશા આપઘડતર માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. અને વિદ્યાર્થીઓને જાતતપાસ પ્રત્યે જાગૃત કરવા જોઇએ.
૨. વિદ્યાર્થીઓમાં આત્મશિસ્ત, વિવેક, આદર, સ્વમાન, પ્રતિબદ્ધતા, સ્વતંત્રતા જેવા મૂલ્યવાન ખ્યાલો વિકસે તેવી શિક્ષણ યોજના ઘડવી જોઈએ.
૩. વિદ્યાર્થીઓનું લોકશાહી માનસ ઘડાય તેવો શિક્ષણ વ્યવહાર યોજવો જોઈએ.
૪. વિદ્યાર્થીઓમાં સામાજિકતા કેળવી સામાજિક પરિવર્તન માટેની સુજ્ઞ નેતાગીરી વિકસાવવી જોઈએ.
૫. શિક્ષકે વિદ્યાર્થીઓને મનુષ્યના ગુણલક્ષણોથી અવગત કરવાના છે. અને સમાજ- રાષ્ટ્રના નવનિર્માણનું મૂલ્ય આંકતો કરવો જોઈએ.

**સંદર્ભ ગ્રંથસૂચિ :**

૧. ઉચાટ અને અન્ય(સંપાદક). ૨૦૦૨. **ગુણાત્મક સંશોધન.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૨. ઉચાટ, ડી.એ. ૨૦૦૦. **સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.** શાંત-૩, ટાગોર નગર, અમીન માર્ગ પાસે.
૩. ઠાકર, મનહર અને મૈયાણી, જીવનરાજ. ૨૦૦૦.(પ્ર.આ.). **શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓ.** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.
૪. પટેલ, બબાભાઈ(સંકલન). ૧૯૮૮/૧૯૯૮. **શિક્ષક – ઉપનિષદ** (વિચાર સંચય). અમદાવાદ-૧ : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
૫. પટેલ, સોમાભાઈ(સંપા.). ૨૦૦૮ (પ્ર. આ.). **શિક્ષક પ્રશિક્ષણ સંચયિકા.** અમદાવાદ : કુસુમ પ્રકાશન.
૬. દેશમુખ,સીતારામ. ઑક્ટોબર-૨૦૦૫. **મૂલ્યશિક્ષણનું એક માધ્યમ ગાંધીજીનું બુનિયાદી શિક્ષણ.** પ્રગતિશીલ શિક્ષણ. ૫(૧૦). પૃ.૨૭